# એચ-વનબી વિઝાનાં ધારાધોરણોમાં બદલાવ ભારત માટે બહુ લાભદાયી નથીઃ નાસકોમ




**બેન્ગલોર/નવી દિલ્હીઃ** ભારતીય આઈટી ઈન્ડસ્ટ્રી સંગઠન નાસકોમે ચોથી એપ્રિલે કહ્યું હતું કે એચ-વનબી વિઝાનાં ધારાધોરણો અંતર્ગત કોમ્પ્યુટર પ્રોગ્રામર્સ માટેની લાયકાત વિશે યુએસસીઆઈએસ દ્વારા આપેલા માર્ગદર્શનમાં સ્પષ્ટતા કરવામાં આવ્યા પ્રમાણે તેની અસર સભ્યો પર થોડીઘણી પડશે, વર્ષો સુધીના કાયદાનો અભ્યાસ કર્યા પછી આ સ્પષ્ટતા કરવામાં આવી હતી.

નેશનલ એસોસિયેશન ઓફ સોફ્ટવેર સર્વિસીસ એન્ડ કંપનીઝ (નાસકોમ)એ એક નિવેદનમાં બેંગલોરમાં જણાવ્યું હતું કે ૩૧મી માર્ચના યુએસસીઆઈએસના મેમોરેન્ડમ કાયદા દ્વારા વર્તમાન પ્રથાનું અમલીકરણ કરે છે અને ચોક્કસ કોમ્પ્યુટર પ્રોફેશનલો માટેની જરૂરિયાતો સ્પષ્ટ કરે છે.

યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (યુએસસીઆઈએસ) ૩૧મી માર્ચે બહાર પાડેલી સ્પષ્ટતા મુજબ કોમ્પ્યુટર પ્રોગ્રામરો, કે જે એચ-વનબી ધારાધોરણો અંતર્ગત માન્યતાપ્રાપ્ત હોય, તેઓએ સ્પેશિયલિટી ઓક્યુપેશન સાબિત કરવું પડશે. તેમની પાસે ફક્ત કોમ્પ્યુટરની ડિગ્રી હશે તે પૂરતી ગણાશે નહિ.

સ્કિલ્ડ વર્કર્સ માટે એચ-વનબી વિઝા માટેની નવી સીઝન શરૂ થઈ રહી છે ત્યારે, નોકરીએ રખાયેલા કોમ્પ્યુટર પ્રોગ્રામરો માટે યુએસ સત્તાવાળાઓ દ્વારા

ધારાધોરણો મોટા પાયે કડક બનાવવામાં આવ્યાં છે, જેના કારણે ભારતીય આઈટી કંપનીઓ દબાણમાં આવી ગઈ છે.

સમગ્ર દુનિયાની અમેરિકી દૂતાવાસો દ્વારા ત્રીજી એપ્રિલથી આગામી વર્ષ માટેની એચ-વનબી વિઝા

પિટિશનો સ્વીકારવાની શરૂઆત કરવામાં આવી છે. ભારતીય ટેક્નોલોજીના નિષ્ણાતો એચ-વનબી વિઝાના સૌથી મોટા લાભાર્થી છે - આ પ્રકારના વિઝામાંથી ૭૦ ટકા વિઝા તેમને મળ્યા છે - અમેરિકામાં આ પ્રકારના હજારો કામદારોની

નિમણૂક કંપનીઓ દ્વારા કરવામાં આવી છે.

આ વિઝા ચોક્કસ વિસ્તારમાં છ વર્ષ માટે કામ કરવાની મંજૂરી આપે છે, ત્યાર પછી વિઝા વધારી શકાય છે. યુએસ પરમેનન્ટ રેસિડેન્સી અથવા યુએસ ગ્રીન કાર્ડ મેળવવાનો પણ આ રસ્તો છે.

આ વર્ષે ઉચ્ચ કક્ષાના વ્યાવસાયિકો તરીકે વિઝા માટે આમાંથી ઘણા સભ્યોએ અરજી કરેલી છે, તેની નોંધ લેતાં આ વર્ષે એપેક્સ બોડીએ કહ્યું હતું કે પુરાવા દર્શાવવા પડશે કે રોજગારી જટિલ છે અને પ્રોફેશનલ ડિગ્રીની જરૂર પડશે.

એક નિવેદનમાં જણાવ્યા મુજબ, આપણી સભ્ય કંપનીઓ યુએસ ફર્મ્સને કુશળતા ધરાવતા તજજ્ઞો અને સોલ્યુશન પૂરાં પાડે છે. એચ-વનબી વિઝા સિસ્ટમ અસ્તિત્વમાં છે, કારણ કે અમેરિકામાં હાઈલી-સ્કિલ્ડ ડોમેસ્ટિક આઈટી ટેલેન્ટની સતત તંગી રહે છે. ભારતીય આઈટી કંપનીઓ આ ગેપને પૂરવા માટે સતત સ્કિલ્ડ ટેલેન્ટ અને સોલ્યુશન પૂરાં પાડે છે અને યુએસ ફર્મ્સને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રાખે છે.

યુએસ કોંગ્રેસે પ્રતિ નાણાકીય વર્ષ માટે ૬૫ હજાર એચ-વનબી વિઝાની કેપ જાળવી છે. આ સિવાય અમેરિકામાંથી માસ્ટર્સ અથવા ઉચ્ચ પદવી મેળવનારને ૨૦ હજાર વિઝા આપવામાં આવે છે.

-આઈએએનએસ